R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રી: મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 21•ISSUE: 51/52 DATE: 30-12-2017•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વિજય રુપાણી અને ડેપ્યુટી મુખ્યમંત્રી તરીકે નીતિન પટેલની સર્વાનુમતે વરણી

ગુજરાત વિધાનસભાની ચુંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીએ મેળવેલા વિજય બાદ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વિજય રુપાણી અને ડેપ્યુટી મુખ્યમંત્રી તરીકે નીતિનભાઈ પટેલની સર્વાનુંમતે વરણી કરવામાં આવી હતી.કેન્દ્રીય નિરીક્ષક અરુણ જેટલી અને સાંસદ સરોજ પાંડએએ નવી સરકારના સુકાની તરીકે વિજય રુપાણી અને નીતિનભાઈ પટેલના નામની જાહેરાત કરી હતી.

મુખ્યમંત્રી તરીકે વિજય રુપાણીના નામની જાહેરાત બાદ તેમણે કહ્યુ હતું કે જ્યાં ભાજપને મત ન મળ્યા ત્યાં પણ લેશમાત્ર ભેદભાવ વગર સાડા છ કરોડ ગુજરાતીઓના વિકાસ માટે કામ કરશે.અમારી સરકાર લોકભાવનાને વધુ ઉંચાઈએ લઈ જવા અને પ્રતિબધ્ધ છીએ તેમ જણાવ્યુ હતું.

લુણાવાડાના અપક્ષ ધારાસભ્ય તરીકે ચુંટાયેલા રતનસીંહ રાઠોડે કભાજપને બીનશરતી ટેકો આપતાં વિધાનસભામાં ભાજપનો આંકડો ૧૦૦ઉપર પહોચ્યો છે.

## બોમ્બે હાઈકોર્ટે મહારાષ્ટ્ર કોગ્રેસના ભુતપુર્વ મુખ્યમંત્રી અશોક ચવ્હાણ સામે કાયદેસર કાર્યવાહી કરવાની રાજ્યપાલે આપેલી મંજુરી ગેરકાયદે જણાવી

આદર્શ કૌભાંડમાં સંડોવણી બદલ જેમને મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપવાની ફરજ પાડવામાં આવી હતી તે મહારાષ્ટ્રના ભુતપુર્વ મુખ્યમંત્રી અશોક ચવ્હાણને હાઈકોર્ટે મોટી રાહત આપી હતી.અશોક ચવ્હાણ સામે કાયદેસરની કાર્યવાહી કરવાની મંજુરી આપવાના રાજ્યપાલના નિર્ણયને બોમ્બે હાઈકોર્ટે ગેરકાયદે જણાવી રદ કરતાં હવે તેમના છુટકારાનો માર્ગ મોકળો થયો છે.

અગાઉ ૨૦૧૩માં તત્કાલીન રાજ્યપાલ કે. શંકરનારાયણને ચવ્હાણ સામે ખટલો ચલાવવાની પરવાનગી આપવાની ના પાડી હતી. જો કે એપ્રીલ ૨૦૧૬માં મહારાષ્ટ્રના રાજયપાલ સી. વિદ્યાસાગર રાવે આદર્શ કો.ઓ.હા.સો.કેસમાં ગુનાઈત કાવતરું ઘડવું અને છેતરપિંડી કરવાના આરોપસર ચવ્હાણ સામે ખટલો ચલાવવાની પરવાનગી આપી હતી. જેને ચવ્હાણે હાઈકોર્ટમાં પડકારી હતી.ચવ્હાણના વકીલ અમિત દેસાઈ દલીલ કરતાં કહ્યુ હતું કે ચવ્હાણ સામે ખટલો ચલાવવાની પરવાનગી અપાઈ એટલે લોકશાહીનું ખુન થયું ગણાય.અગાઉના રાજ્યપાલે આવી પરવાનગી આપવાનું નકાર્યું હતું. પણ રાજ્યમાં સત્તા પલટો આવતાં જ પોતાના વિરોધીઓ સામે ખટલો ચલાવવાની નીતી અપનાવી રાજયપાલ દ્વારા પરવાનગી આપી દેવાઈ હતી.પોતાના વિરોધીઓ સામે પણ ખટલો ચલાવવા માટે બંધારણીય અને કાયદેસરની કાનુની પ્રક્રીયાનું પાલન તો કરવું જ પડે. મુંબઈ પર આતંકી હુમલો કરનાર અજમલ કસાબે શું કર્યુ હતું તેની બધાને જાણ છે પરંતુ તેમ છતાં કાયદેસરની પ્રક્રિયાને અનુસરવામાં આવી હતી.તેમ અશોક ચવ્હાણના વકીલે કહ્યુ હતું. અશોક ચવ્હાણે કહ્યુ હતું કે ૨૦૧૪માં થયેલી લોકસભાની ચુંટણીઓમાં હુ ચુંટાઈ આવ્યો હતો એટલે મને લક્ષ્ય બનાવાયો હતો.હવે રાજ્યપાલે રાજીનામું આપવું જોઈએ.

## યુપીએ સરકારને ગબડાવવા માટે કરાયેલું ટુ-જી કૌભાંડ સદીનું સૌથી મોટું સુરસુરીયું : તમામ આરોપી નિર્દોષ

1 લાખ ૭૬ હજારનું ટુ-જી કૌભાંડ ઊભુ કરીને યુપીએની સરકારને ગબડાવવા માટે કરાયેલું ષડયંત્ર સીબીઆઈની સ્પેશીયલ કોર્ટે ઊઘાડુ પાડ્યું હતું. જજ ઓ.પી.સૈનીએ,સીબીઆઈની સ્પેશીયલ કોર્ટ, આ કેસમાં ચુકાદો આપતાં પુર્વ ટેલીકોમ પ્રધાન એ.રાજા,ડીએમકેના નેતા કનિમોઝી સહિત તમામ ૩૫ આરોપીઓને તેમજ કેસમાં સંડોવાયેલી તમામ કંપનીઓને નિર્દોષ જાહેર કરી હતી.આ કૌભાંડ સાથે સંકળાયેલા ૩ જુદા જૂદા કેસમાં બે કેસ સીબીઆઈએ અને એક કેસ એન્ફોર્સમેન્ટ ડીરેકટોરેટ દ્વારા કરવામાં આવ્યો હતો.જજે ચુકાદામાં કહ્યુ હતું કે ફરીયાદીના વકીલ કોઈપણ આરોપો સાબિત કરવામાં નિષ્ફળ રહ્યા હતા.આથી તમામ આરોપીઓને નિર્દોષ છોડી મુકવામાં આવે છે.

યુપીએ સરકાર સત્તા પર હતી ત્યારે ૨૦૧૦માં તત્કાલીન સીએજી વિનોદ રાયના અહેવાલને આધારે આ કૌભાંડ બહાર પડાયું હતું. જેમાં યુપીએ સરકારના તત્કાલીન ટેલીકોમ પ્રધાન એ. રાજા અને ડીએમકે નેતા કનિમોઝી મુખ્ય આરોપી હતા.કોર્ટે કહ્યુ કે એ. રાજા અને અન્યોને આ કેસમાં રુ.૨૦૦કરોડના હવાલા દ્વારા લાંચ લીધાનો આક્ષેપ હતો.પણ મની લોન્ડરીંગના આક્ષેપો પુરવાર કરવા માટે કોઈ નક્કર પુરાવા કે હકીકતો પણ રજુ કરાઈ નથી.આથી તે અંગે કોઈ ચર્ચાની પણ જરુર નથી.

સ્વાન ટેલીકોમના વકીલ વિજય અગ્રવાલે કહ્યુ હતું ક પ્રોસિક્યુશન આરોપો સાબિત કરવામાં નિષ્ફળ રહ્યું છે.સીબીઆઈ હકીકતોને તોડી મરોડીને રજુ કરી છે.સરકારી તિજોરીને જેટલું નુકશાન થયાનું જણાવેલ છે તેટલું નુકશાન ખરેખર થયું નથી.આથી તમામ આરોપીઓને નિર્દોષ છોડી મુકવામાં આવે છ.

સીબીઆઈ જજ ઓ.પી.સૈનીએ તેમના ૧૫૫૨ પાનાના ચુકાદામાં કહ્યુ હતું કે હું સાત વર્ષથી એક પણ રજા લીધા સિવાય સવારે ૧૦ થી સાંજે ૫ સુધી કેસની સુનાવણી હાથ ધરતો હતો.શનિવાર અને રવિવારના રજાના દિવસોમાં પણ કોર્ટ ચાલુ રાખી હતી.આમ છતાં એકપણ વ્યક્તિ આ કેસના સંદર્ભમાં એકપણ પુરાવો લઈને મારી પાસે આવી નથી.કોર્ટે તેના ચુકાદામાં કહ્યુ હતું કે બધાએ ભેગા મળીને હોહા મચાવી,સાથે મળીને તૈયાર કરેલી ચાર્જશીટમાં ફરિયાદીના વકીલ આરોપીઓ સામેના કોઈપણ આરોપોને સાબિત કરવામાં નિષ્ફળ ગયા છે. મને એમ હતું કે કોઈ પણ પુરાવા મારી પાસે આવશે પણ તમામ લોકો અફવા,વાતચીત અને અટકળો દ્વારા સર્જાયેલી જાહેર વાતો અને ટિપ્પણીઓને ધ્યાનમાં રહીને ચાલી રહ્યા હતા.આવી ઘડમાથા વગરની દલીલો કોર્ટમાં ચાલી શકે નહીં.

સૈનીએ કહ્યુ હતું કે તત્કાલીન ટેલીકોમ પ્રધાન એ.રાજાએ તત્કાલીન વડાપ્રધાન મનમોહનસિંહને ગેરમાર્ગે દોર્યા હોય તેવા નક્કર પુરાવા રજુ કરાયા નથી.વડાપ્રધાન સાથે એમ્પાવર્ડ ગ્રુપ ઓફ મીનિસ્ટ્ર્સના પત્ર તેમજ કાયદા મંત્રાલયના અભિપ્રાય અંગે ચર્ચા થઈ તે અંગે પીએમઓની કોઈપણ વ્યક્તિને કોર્ટમાં સાક્ષી તરીકે રજુ કરાઈ નથી.આ પછી એવું કેવી રીતે કહી શકાય કે તત્કાલીન પીએમને ગેરમાર્ગે દોરવામાં આવ્યા હતા કે તેમના સમક્ષ ખોટી હકીકતો છુપાવવામાં આવી હતી.

કોર્ટનું તારણ હતું કે આ સમગ્ર ગોટાળા માટે ટેલીકોમ ડિપાર્ડમેન્ટના અધિકારીઓ જવાબદાર છે.જ્યારે ડીપાર્ટ.ના અધીકારીઓ જ ખાતાની ગાઈડલાઈનને સમજી શક્યા નથી અને આડેધડ નિર્ણયો લે છે ત્યારે તમે ગાઈડલાઈન્સનો ભંગ કરવા માટે અન્યો પર કેવી રીતી આક્ષેપો કરી શકો ?

હવે જ્યારે જેને કારણે કોગ્રેસની સરકારનું પતન થયું તે ગોટાળો જ થયો નથી.હવે આ કૌભાંડ ઉભુ કરવા માટે જેમણે પ્લાનીંગ કર્યુ હોય તેમની સામે કામ ચલાવવું જોઈએ. કોગ્રેસે હવે વિનોદ રાય અને ભાજપ દેશની માંફી માંગ તેવું પણ કહ્યુ છે.સીએજી દ્વારા આ કૌભાંડનો ગોટાળો ઉભો કરાયો તેની પાછળ ગંદી રાજનીતી જવાબદાર છે તેવું સ્પષ્ટ પણે દેખાય છે.કોગ્રેસી નેતા અને પુર્વ સંચારમંત્રી કપિલ સિબ્બલે કહ્યુ હતું કે ભાજપ અને પુર્વ કેગ આ સમગ્ર કૌભાંડના મુખ્ય સુત્રધાર છે.ટુ-જી સ્પેક્ટ્રમ આવન્ટન દ્વારા થયેલા નુકશાન અંગેં તમની ધારણા સાચી સાબિત થઈ છે.હું પહેલા જ દિવસથી કહેતો હતો કે કોઈ કાંડ થયો જ નથી.ભાજપ અને વિનોદ રાયે આ મુદ્દે દેશની માંફી માંગવી જોઈએ.ભાજપે વિનોદ રાયની અને મીડીયાની મદદથી એવો માહોલ ઊભો કર્યો કે દુરસંચાર ક્ષેત્રમાં મોટો ખાડો પડ્યો છે જેનુ પરિણામ આ ક્ષેત્ર ભોગવી રહ્યું છે.

ડીએમકે નેતા સ્તાલિને કહ્યુ હતું કે આ ચુકાદો ઐતિહાસિક ચુકાદો છે.મારી બહેન કનિમોઝી અને દુરસચાર મંત્રી એ.રાજા સહિત તમામ લોકો નિર્દોષ છુટી ગયા તેનો આનંદ છે. આ આરોપો વાસ્તિવક હતાજ નહીં. માત્ર એક રાજકીય પક્ષનું અપમાન કરવાનું અને તેને પુરો કરવાનુ સુનિયોજીત કાવતરુ હતું.અત્યાર સુધી રાજકીય પક્ષનો નાશ કરવા માટે ષડયંત્ર કરવામાં આવીરહ્યું હતું.વિવિધ કોગ્રેસી નેતાઓએ ચુકાદા બાદ ભાજપ ઉપર માંફી માંગવા માટે પસ્તાળ પાડી છે.ગુલામનબી આઝાદે આ મુદ્દે સંસદમાં પણ તત્કાલીન વડાપ્રધાન મનમોહનસિંહ કરવામાં આવેલા આરોપ માટે મોદીએ માંફી માંગવા માટે શાબ્દિક હુમલો કર્યો હતો.

**Merry Christmas**

**and *Happy New year***

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ગુજરાતની વિધાનસભાની ચુંટણીઓના પરિણામોમાં ભાજપને બહુમતી મળી પરંતુ જે ગણતરી કરવામાં આવી હતી કે ૧૫૦+ તે ખોટી પડી.તેમજ કોંગ્રેસના માત્ર એક સ્ટાર પ્રચારક રાહુલ ગાંધીને અંડર એસ્ટીમેટ કર્યા હતા તેમણે કોંગ્રેસને ગુજરાતમાં બેઠી કરી દીધી.ભલે કોંગ્રેસ સત્તા મેળવવામાં થોડીક કમજોર પડી પરંતુ તેમણે સમગ્ર ચુંટણીમાં રંગત લાવી દીધી.માત્ર મોદી કરિશ્મા ચાલે છે તે ગણિત પર પાણી ફેરવી દીધું.બીજી બાજુ કોંગ્રેસ પક્ષના પ્રમુખ તરીકે રાહુલ ગાંધીની તાજપોશી કરવામાં આવી અને તે દેશની સૌથી ૧૩૨ વર્ષ જુની પાર્ટીના વડા બની ગયા.ગુજરાતની ચુંટણીએ રાહુલ ગાંધી દેશના નેતા તરીકે પ્રમાણિત કરી દીધા. વિપક્ષોએ પણ તેમની કામગીરી વખાણી. શિવસેનાએ ભલે કોંગ્રેસ હાર પામી પરંતુ રાહુલની મહેનત પર વખાણની તાલી તો જરુરથી પાડી.પપ્પુના નામે તેમને નીચા પાડવાની ભાજપી મીડીયાની ચાલ અવળી પડી ગઇ.કોંગ્રેસ પક્ષના ચુંટણી કેમ્પેનમાં રાહુલે જે દ્રઢતાથી પ્રચાર કર્યો તેમજ કોઇપણ જાતના ગપગોળા કે જુઠ્ઠાણાઓથી પ્રચારને અલગ રાખીને નીતીમત્તા જેવી મહેક તેમણે ઊભી તો જરુરથી કરી. ચુંટણીઓમાં તમારે તમારા હરીફો પ્રત્યે માન સન્માન રાખી તેમની ઉણપો ઉપર લોકોનું ધ્યાન કેન્દ્રીત કરવાની નીતિ ભલે હાલમાં બર ના આવી હોય પરંતુ દેશમાં આવનારી ચુંટણીઓમાં તે કામ આવી શકશે તેવું માની શકાય. માત્ર શઠ નીતિઓથી ચુંટણીઓ જીતી શકાય છે તેવી કામગીરીથી અળગા રહેવાની તેમની કાર્યશૈલી પ્રશંસાને પાત્ર છે. આપણે કોઇ પણ પક્ષની ભટાઇ કરવામાં માનતા નથી પરંતુ તંદુરસ્ત રાજકારણી નેતાઓ હોવા જોઇએ અને તેમની તંદુરસ્ત અને ચારિત્રવાન નીતિમત્તા હોય તેમાં જરુર પડે પીઠ થાબડી લેવામાં કોઇ નાનમ રાખવી જોઇએ નહીં.મોટાભાગના વિજાણુ મીડીયાએ ઘણીવાર એક તરફી રજુઆતો કરી અને તે માટે તેમની નીતિઓ જવાબદાર હોઇ શકે પરંતુ મીડીયાએ દ્વેષભાવ રાખ્યા વગર સંતુલિત કાર્ય કરવું એ ચોથી જાગીર માટે અગત્યનું છે.

## મંતવ્ય

ચુંટણીમાં અપાતા પોકળ વચનો,ગપગોળા કે જુઠ્ઠાણાઓ સામે ચુંટણીપંચે યોગ્ય કાર્યવાહી કરવી જોઇએ.જો કે ચુંટણી પંચને નહોર વગરનો વાઘ કહેવામાં આવી રહ્યો છે. તેથી તેની કોઇને બીક લાગતી નથી.આ ઉપરાંત સત્તા સ્થાને બેઠેલા નેતાઓ માટે ખાસ આચાર સંહિતા ચુંટણી પંચે નિર્મિત કરવી જોઇએ.પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહ ઉપર વડાપ્રધાને કરેલા બેબુનિયાદ આક્ષેપો કાં તો વડાપ્રધાન પુરવાર કરે યા તો તેના માટે રાષ્ટ્રની માંફી માંગે.વડાપ્રધાન વગર બોલાવ્યે પાકિસ્તાન જઇને પાકિસ્તાનના વડાપ્રધાનના ઘેર પ્રસંગે જ્યાફત ઉડાવી આવ્યા તેવા સમાચારો આવ્યા બાદ કોઇપણ દેશના નાગરિકે આ બાબતે એવા આક્ષેપો નહોતા કર્યા જે બેબુનિયાદ હોય.પાકિસ્તાન સાથે થતી ચર્ચાઓ આપણે મુલતવી રાખીએ છીએ તેના કારણો પાકિસ્તાન તરફની સરહદપારથી આવતો આતંકવાદ છે.૨૦૧૪ પછી પાકિસ્તાનની સરહદે શહીદ થયેલા ભારતીય સૈન્યના જવાનોનો આંકડો ઉંચો છે.હવે તો સૈન્યે શહીદીની વ્યાખ્યા બદલી આપી છે.નોકરી દરમિયાન થયેલ મોત,ફરજ બજાવતા થયેલ મોત,એટલે સરકારે હવે શહીદીની વ્યાખ્યા કરવી પડશે.નહિતર ફોજ પ્રત્યેની લાગણીનો નાશ થશે.ખેર,કોઇને પણ દેશદ્રોહની વ્યાખ્યામાં ભરાઇ દેવો અને પછી જેની પર આક્ષેપો લગાવાયા છે તેણે પોતાની જાતને સાબિત કરવાની કે તે દેશપ્રેમી છે તે બાબત સદંતર ખોટી છે.૨૦૧૪ પછી એક રીતસરની એક ગેઇમ ચલાવાઇ છે કે સત્તા વિરુધ્ધ કોઇને પણ રાજદ્રોહી કહીને ફસાવી દેવો.જેમણે રાષ્ટ્રમાટે ભુતકાળમાં પણ કશું જ કર્યુ નથી તે અન્યોને લેબલો લગાવે તે કંઇ પ્રકારની રીત રસમ છે.આવી રાજનીતિ શા કામની ? જેમા નીતિમત્તાનું કોઇ અસ્તિત્વ જ ના હોય. તેવા રાજનીતિજ્ઞોની આ દેશમાં કોઇ જરુરીયાત ના હોવી જોઇએ.માત્ર કોઇ ધાર્મિક લાગણીઓ કે કટ્ટરવાદને પોષતા લોકો દેશના લોકશાહી ચારિત્ર માટે નિરાશાજનક ચિત્ર ઊભુ કરે છે.આ દેશ માટે પડકાર છે અને તેનો સામનો થવો જોઇએ.

રમેશ કે વાઘેલા

# ગુજરાતના ચુંટણી પ્રચારમાં વડાપ્રધાન વિકાસનો મુદ્દો ભુલી ગયા છેઃ શિવસેના

શિવસેનાએ પોતાના સહયોગી ભાજપ પર ગુજરાતમાં ચુંટણીમાં નીચલા સ્તરે ઉતરી જવાનો આરોપ લગાવતાં કહ્યુ હતું કે વડાપ્રધાન મોદીના ચુંટણીલક્ષી ભાષણોમાંથી ગુજરાતનો વિકાસ એજન્ડા જ ગુમ છે.

શિવસેનાએ કહ્યુ હતું કે વડાપ્રધાન મોદીએ દાવો કરીને ખુદનું સ્તર ઘટાડયું છે સસ્પેન્ડેડ કોંગ્રેસ નેતા મણિશંકર ઐયરના તેમની વિરુધ્ધના નિવેદનથી ગુજરાતની અસ્મિતાનું અપમાન થયું છે.

શિવસેનાએ પોતાના મુખપત્ર સામનામાં કહ્યુ હતું કે મોદીએ ખુદનું સ્તર ઘટાડ્યું છે.આપણે મોદી દેશ અને હિન્દુઓનું અભિમાન સમજીએ છીએ પણ હવે તેઓ ગુજરાતની અસ્મિતાની બેડીઓમાં બંધાઇ ગયા છે. ગુજરાતની ચુંટણીમાં મોદી રાષ્ટ્રીય નેતા ઓછા, પ્રાદેશિક નેતા વધુ બની ગયા છે.

સંપાદકીયમાં લખાયું હતું,ભાજપ સ્પોન્સર્ડ ચુંટણી પંચમાં ઇવીએમ કૌભાંડની ફરિયાદ કરવી વ્યર્થ છે.શિવસેનાએ કહ્યુ હતું કે ગુજરાત ચુંટણી પ્રચાર અભિયાન ચર્ચિત વિકાસ એજન્ડા પર કેન્દ્રીત હોવું જોઇતું હતું પણ ગુજરાતમાં



વડાપ્રધાનના ભાષણોમાંથી વિકાસનો મુદ્દો જ ગુમ થઇ ગયો છે.

# મહિલા કલ્યાણમાં ઉદાસીનતા માટે ગુજરાત સરકારનો સુપ્રીમ કોર્ટે ૨ લાખનો દંડ ફટકાર્યો

મહિલાઓના કલ્યાણ માટે કાર્યો નહીં કરવા એ તેમના ઉત્કર્ષ માટે રસ નહીં દાખવનાર રાજ્યોમાં ગુજરાતનો સમાવેશ થાય છે.ગુજરાત સહિત ૧૨ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને સુપ્રીમ કોર્ટે રુ ૨ લાખનો દંડ ફટકાર્યો હતો.સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ કેન્દ્રના મહિલા અને બાળવિકાસ મંત્રાલયના પત્રનો જવાબ નહી આપનાર ૧૨ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને દરેકને રુ.૨ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.આ સંદર્ભમાં તમામ દંડિત રાજ્યોને તેમની માહિતી એક અઠવાડીયામાં મોકલી આપવા આદેશ કરાયો છે.સુપ્રીમ કોર્ટે મધ્યપ્રદેશ,ગુજરાત,ઉત્તરાખંડ,કર્ણાટક, મિઝોરામ,આસામ, હિમાયલ પ્રદેશ,જમ્મુ કાશ્મીર,પંજાબ,તામિલનાડું, અરુણાચલ પ્રદેશ, દાદરા નાગરહવેલીને દંડ કરાયો છે.

સુપ્રીમ કોર્ટે રાજ્યોને ઝાટકતાં કહ્યુ હતું કે જો રાજ્ય સરકારો અને કેન્દ્ર શાસિત પ્રદેશો પાસે મહિલાઓની સુરક્ષા કે કલ્યાણના કામે માટે પત્રનો જવાબ આપવા માટે પાંચ મીનીટનો સમય પણ ના હોય તો તે મહિલાઓને ન્યાય આપવાની તરફેણમાં મોટા મોટા નિવેદનો કરવાની કે રજુઆત કરવાનો કોઇ અર્થ નથી.

# સૈનિકો માટે વન- રેન્ક -વન પેન્શન લાગુ નહીં કરીને ભાજપે દેશના સૈનિકો સાથે વિશ્વાસઘાત કર્યો છે : એકસ મેજર જનરલ સતબીરસિંહ

કેન્દ્રની ભાજપ સરકારે દેશના સૈનિકો માટે વન રેન્ક વન પેન્શન લાગુ નહીં કરીને દેશના સૈનિકો અને પુર્વ સૈનિકો સાથે દગો-વિશ્વાસઘાત કર્યો છે. વન રેન્ક વન પેન્સનની માંગ કરી રહેલા સૈનિકોએ ૮૭૦ દિવસ સુધી જંતરમંતર પર વિરોધ પ્રદર્શિત કર્યો હતો તો સરકારે લાઠીઓ ચલાવી,દમન ગુજાર્યો. શહીદની વિધવા સાથે પોલીસે અભદ્ર વ્યવહાર કર્યો. અત્યાર સુધીમા ૩૨ હજારથી વધુ પુર્વ આંદોલનકારી સૈનિકોએ પોતાના યુધ્ધ પદકને પરત આપી દીધા છે.છતાં વડાપ્રધાન સૈનિકોની વ્યથા સાંભળી નથી તેમ ઇન્ડીયન એકસ. સર્વીસમેન મુવમેન્ટ તથા યુનાઇટેડ એકસ સર્વિસમેન મુવમેન્ટના ચેરમેન મેજર જનરલ સતબીર સિંહે જણાવ્યુ હતું.તેમની સાથે હાજર રહેલા સૈનિકોએ તેમની વ્યથા ઠાલવતા કહ્યુ હતું કે કેન્દ્રની ભાજપ સરકારે શહીદ સૈનિકો અને તેમના પરિવાર માટે રાશન-કફન અને શિક્ષણ ખર્ચ પર કાપ મુકી દીધો છે.શહીદોના વિધવાની ભાજપને હાય લાગશે.

સતબીરસિંઘે કહ્યુ હતું કે તત્કાલીન યુપીએ સરકારે ૨૦૧૪માં વન રેન્ક વન પેન્શન યોજનાનો સ્વીકાર કર્યો હતો.પછી આવેલી ભાજપ સરકારે આ નીતિ અપનાવી નહીં.કેન્દ્રની ભાજપ સરકારે નોટીફીકેશન બહાર પાડીને ત્રણેય સેનાના ૪૦ ટકા સૈનિકોને વન રેન્કપેન્સન આપવાની ના પાડી હતી.

## જાણવા જેવું !

મિનાક્ષી મંદિરના સ્તંભોમાં ટકોરા મારતાં તેમાંથી સંગીતના સુરો ઝણઝણે છે.

અમેરીકાના બોસ્ટન શહેરમાં સૌથી જુના કમ્પ્યુટરથી લઇને વર્તમાન સમયના લેટેસ્ટ કમ્પ્યુટરનું સંગ્રહાલય આવેલું છે.

પીઝાના ટાવરનું બાંધકામ ૯૮ વર્ષ ચાલ્યું હતું.

માણસ ઉંઘ વિના ૪ દિવસને પાણી વિના ૩ દિવસ રહી શકે છે.

નવું જન્મેલું કાંગારુનું બચ્ચું માત્ર એક ઇંચ લાંબુ હોય છે.

સોનેરી બાટણ નામનું પક્ષી એક જ ઉડાણમાં ૪૦૦૦ કી.મી.અંતર કાપી શકે છે.

માછલીઓની આંખો બે ફુટથી દુરની વસ્તુઓ જોઇ શકતી નથી.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઇંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઇવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઇસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઇન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨

# ભાજપના નેતાઓ વિકાસની વાત આવે ત્યારે બીજી વાતો કરીને ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરે છે : રાહુલ ગાંધી

કોગ્રેસના ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી આણંદ ખાતેની જાહેરસભાને સંબોધતા કહ્યુ હતું કે કોગ્રેસે ગુજરાતની જનતાને મળી તેમના મનની વાત જાણીને તેમના પ્રશ્નો અને સમસ્યાઓનો અભ્યાસ કરીને ચુંટણીનો મેનીફીસ્ટો તૈયાર કર્યો છે.જ્યારે છેલ્લા ૨૨ વર્ષથી વિકાસની વાતો કરતી ભારતીય જનતા પાર્ટી અને તેમના નેતાઓ ગુજરાતના વિકાસની વાત આવે ત્યારેબીજી વાતો કરીને લોકોને ગેરમાર્ગે દોરે છે.

કોગ્રેસનું શાસન આવશે તો અમારી સરકાર પેટ્રોલ અને ડીઝલ ઉપર જીએસટી લાગુ પાડવા પ્રયાસ કરશે. અને તેના ભાવ ઓછા થાય તેમ કરશે.લોકોના પૈસા ઉદ્યોગપતિઓને નહીં પરંતુ લોકોને મળે તેવું આયોજન કરશે.

તેમણે કહ્યુ હતું કે રફાઇલ હેલીકોપ્ટરના સોદામાં હિન્દુસ્તાન એરો લિમીટેડ કંપનીનો ઓર્ડર આપવાને બદલે મોદીએ ફ્રાંસ જઈને અંબાણીની કંપનીને ઓર્ડર અપાવ્યો જેના પર ૪૫ હજાર કરોડનું દેવું છે.ગુજરાતની જનતા જવાબ માંગે છે કે ચોકીદાર છે કે ભાગીદાર તે સ્પષ્ટ કરે.પાવી,જેતપુર,તારાપુર,લીંબાસી



વિગેરે સ્થળોમાં ઝંઝાવાતી પ્રચાર કર્યો હતો.વિવિધ સ્થળોએ કોગ્રેસના મુદ્દાઓ સ્પષ્ટ કર્યા હતા.યુવાઓ અને મહિલાઓ સાથે ચર્ચા પણ કરી હતી

# વિપક્ષો સામે માની ન શકાય તેવી કોમી સ્ટોરીઓની રજુઆત કરી કોમી એકતા ખરાબ કરવા માટેના પ્રયત્નો ચુંટણી પ્રચારમાં વેગ પકડી રહ્યા છે :શત્રુઘ્નસિંહા

ફિલ્મ અભિનેતા અને ભાજપના સાંસદ શત્રુઘ્નસિંહાએ ગુજરાતમાં ચુંટણી પ્રચારમાં કોમવાદ ફેલાય તે રીતે માહોલ તૈયાર કરવા માટેના પ્રયાસો સામે પોતાનો અણગમો જાહેર કરતાં કહ્યુ હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ચુંટણીમાં આ પ્રકારનો સહારો ના લેવો જોઈએ તેવી સલાહ આપી હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કોગ્રેસ પર આક્ષેપ કરી રહ્યા છે કે કોગ્રેસ ગુજરાતમાં ભાજપને હરાવવા માટે પાકિસ્તાન સાથે સાંઠગાંઠ કરી રહી છે.આવા નિવેદન અંગે શોટગન શત્રુઘ્નસિંહાએ વડાપ્રધાન પર પ્રહાર કરતાં કહ્યુ હતું કે આદરણીય સાહેબ, ગમે તેમ માત્ર ચુંટણી જીતવા માટે અને એ પણ સાવ ચુંટણી પ્રક્રિયા પુરી થવા આવ છે ત્યારે શું દરરોજ વિપક્ષો સામે નવી,ન માની શકાય તેવી, ટકી ન શકે તેવી સ્ટોરી રજુ કરવી જરરી છે ? હવે તેમને પાકિસ્તાનના હાઈ કમિશ્નર અને જનરલ સાથે જોડી દેવામાં આવી રહી છે ! અદ્ભુત ! ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન મોદીએ એક જાહેરસભામાં કોઈ પુરાવા આપ્યા વગર દાવો કર્યો હતો કે કોગ્રેસના નેતા મણિશંકર ઐયરના ઘરે તાજેતરમાં ત્રણ કલાક મીટીંગ થઈ હતી. જેમાં પાકિસ્તાનના હાઈ કમિશ્નર, તેના વિદેશ મંત્રી,ભુતપુર્વ વડાપ્રધાન મનમોહનસિંહ, અને ભુતપુર્વ ઉપરાષ્ટ્પતિ હામીદ અંસારી હાજર હતા.સિંહાએ કહ્યુ હતું કે મોદીએ કોમવાદી માહોલ ફેલાવવાનું બંધ કરવું જોઈએ અને તંદુરસ્ત રાજનીતિ અને તંદુરસ્ત ચુંટણી તરફ જવું જોઈએ.

જો કે ચુંટણીમાં જેમ જેમ ભાજપાને પોતાની શિકસ્ત દેખાવા માંડી તેમ તેમ તેમણે ચુંટણીમાં નીત નવા પ્રયોગો શરુ કરી દીધા.હિદુત્વના મુદ્દાને પણ કામમાં લેવાનો શરુ કરી દીધો.ત્યારબાદ મંદિરના મુદ્દાને ઉછાળવામાં આવ્યો અને ત્યારબાદ કોગ્રેસી નેતાઓ સામે પાકિસ્તાનની સાથે સાંઠગાંઠ હોવાનું જુઠ્ઠાણાનો આશરો લેવામાં આવ્યો.

# પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહ ઉપર પાકિસ્તાનના મુદ્દે ગુજરાતની ચુંટણીમાં વડાપ્રધાન મોદી દ્વારા કરાયેલા આક્ષેપો બેબુનિયાદ ઠેરવતા મનમોહનસિંહ

ગુજરાતની એક ચુંટણી સભામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોગ્રેસી નેતા મણિશંકર ઐયરની સાથે સાથે ભુતપુર્વ વડાપ્રધાન,ઉપરાષ્ટ્રપતિ હામીદ અંસારી સહિતાના કેટલાક લોકો સામે કરેલા આક્ષેપો બેબુનિયાદ ઠેરવતાં મનમોહનસિંહ તેમજ કોગ્રેસના અન્ય નેતાઓએ વડાપ્રધાન મોદીની આકરી ટીકા કરી હતી.ચુંટણીમાં એકદમ નીચલા સ્તર ઉતરી જઈ બેબુનિયાદ અને સાબિતી વગરના આરોપોનો કુપ્રચાર કરી ચુંટણીમાં મત મેળવવા કરેલી સાજીસ કોગ્રેસે પણ વખોડી કાઢી છે.

ભુતપુર્વ વડાપ્રધાન મનમોહનસિંહ જણાવ્યુ હતું કે ગુજરાતમાં પરાજય ભાળી ગયેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી રઘવાયા બની ગયા છે.તેઓ હવે ચુંટણીને ધ્યાનમાં રાખીને જુઠ્ઠાણા ફેલાવી રહ્યા છે.હુ વડાપ્રધાનને કહેવા માંગુ છું ખે તેમણે રાષ્ટ્રીયતાના પાઠ ભણવા જોઈએ.જે મીટીંગનો વડાપ્રધાન મોદી ઉલ્લેખ કરીને જુઠ્ઠાણા ફેલાવી રહ્યા છે તેમા અનેક માનનીય વ્યક્તિઓ હાજર રહી હતી. આ એક ભોજન સમારંભ હતો જેમાં કોઈ દેશ વિરોધી ચર્ચા થઈ નહોતી. તેમજ ગુજરાત ચુંટણી સંદર્ભમાં પણ કોઈ પણ પ્રકારની વાતચીત થઈ નહોતી.

ઉદમપુર હુમલા અને ગુરુદાસપુર હુમલા બાદ મોદી વગર બોલાવ્યે પાકિસ્તાન પહોચી ગયા હતા.આઈએસઆઈના સભ્યોને તપાસ માટે પઠાણકોટ એકબેઝમાં



આમંત્રિત કરવામાં આવ્યા હતા.મોદી આ અંગે ખુલાસા કરે.

કોગ્રેસના પ્રવક્તા આનંદ શર્માએ કહ્યુ હતું ક વડાપ્રધાન મોદી દવારા કરવામાં આવેલા આક્ષેપો એકદમ ખોટા છે. શર્માએ વધુમાં કહ્યુ હતું કે પાકિસ્તાનના પુર્વ વિદેશમંત્રી એક લગ્નમાં ભાગ લેવા ભારત આવ્યા હતા.તેમના સ્વાગત માટે વિશેષ ભોજનનું આયોજન કરવામાં આવ્યુ હતું.આ ભોજનમાં પુર્વ રાજદુત અને પુર્વ સેનાધ્યક્ષ જોડાયા હતા. ટોચના પત્રકારોને પણ આમંત્રણ અપાયું હતું.તાજેતરમાં પાકિસ્તાનમાં ભારતના રાજદુત શરદ શભરવાલ તથા રાઘવણ જોડાયા હતા.શર્માએ કહ્યુ હતું કે ભોજનમાં ભાગ લેવા કે ભોજન કરવા માટે પરવાનગી લેવી તેવો નિયમ દેશમાં ક્યારથી બન્યો છે.




વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

કેર કોમ્પ્યુટર સેન્ટર

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે



જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક 9825169386

જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## પાકિસ્તાનના ક્વેટામાં ચર્ચ ઉપર આતંકી હુમલો : ૯ના મોત

પાકિસ્તાનના કવેટામાં જર્ગહન રોજ પર આવેલા એક ચર્ચ પર આતંકીઓએ ઘાતકી હુમલો કર્યો હતો, જેમાં ૯ ના મોત નિપજ્યા હતા. આ ઘટનામાં ૪૪ લોકોને ઈજા થઈ હતી.ચાર આત્મઘાતી હુમલાખોરોએ પ્રાર્થના વખતે જ ચર્ચમાં આડેધડ હુમલો કર્યો હતો.વિસ્ફોટ થયા પછી ચર્ચ અને આસપાસના વિસ્તારોમાં ગોળીબારના અવાજ સંભળાયા હતા.બલુચિસ્તાનના ગૃહપ્રધાન સરફરાઝ બુગતીએ બનેલી ઘટનાને પુષ્ટિ આપી હતી.ઘવાયેલા લોકોને વધુ સારવાર માટે નજીકની હોસ્પીટલમાં લઈ જવાયા હતા.જ્યાં બેની હાલત અત્યંત ગંભીર હતી. ઈજાગ્રસ્તોને ક્વેટાની સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.જેમાં નાના બાળકો અને મહિલાઓનો સમાવેશ થાય છે.

બેથેલ મેમોરીયલ મેથોડીસ્ટ ચર્ચ ક્વેટાના સૌથી વધુ સુરક્ષા ધરાવતા વિસ્તારમાં આવેલું છે.ચર્ચમાં રવિવારની પ્રાર્થના ચાલી રહી હતી. ત્યારે આ હુમલો થયો હતો.હુમલો થયો તે પછી સુરક્ષા દળના જવાનો ઘટનાસ્થળે પહોચી ગયા હતા. હાલ આસપાસના વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. બોંબ રોધક ટુકડીને તહેનાત કરવામાં આવી છે.

હુમલો થયા પછી આખા ક્વેટા શહેરની તમામ હોસ્પીટલોમાં ઈમરજન્સી જાહેર કરવામાં આવી હતી. જ્યાં હુમલો થયો તે વિસ્તારને કોર્ડન કરી લેવામાં આવ્યો હતો.મીડીયાના લોકોને ઘટનાસ્થળથી દુર રહેવા આદેશ આપવામાં આવ્યા હતા.હુમલા વખતે શક્તિશાળી વિસ્ફોટ થયો હતો અને ફાયરીંગના અવાજ સંભળાયા હતા.ઘટના સ્થળે હાજર રહેલા લોકોના જણાવ્યા મુજબ અનેક લોકોને ઈજા થઈ હતી અને નાસભાગ મચી હતી.સુરક્ષા જવાનો અને હુમલાખોરો વચ્ચે સામસામા ફાયરિંગના અવાજ સંભળાયા હતા.પોલીસ અને સત્તાવાળાઓ ઘટનાના કારણો અને હુમલાખોરો કોણ હતા તેની તપાસ કરી રહ્યા છે.

## કાશ્મીર માટેની કલમ ૩૫ ,૩૭૦ રદ નહી કરાય : સરકારે ઇરાદો બદલ્યો

ભારતીય જનતા પાર્ટીએ આજદિન સુધી ચુંટણીઓમાં જે વચનોની લ્હાણી કરી છે તેમા કાશ્મીરમાંથી ઉપરોક્ત કલમો એટલે ૩૫એ,અને ૩૭૦ રદ કરવાની છે.૨૦૧૪માં લોકસભાની ચુંટણીઓમાં પણ આ બાબતનો સમાવેશ થયો હતો. પરંતુ ત્યારબાદ કાશ્મીરમાં પીડીપી સાથે ગઠબંધન કરીને સરકાર બનાવ્યા બાદ તેમના વિચારોમાં પરિવર્તન આવ્યું છે.હવે કેન્દ્ર સરકારે કહ્યુ હતું કે જમ્મુ-કાશ્મીરને અલગ અને વિશેષ દરજ્જો આપતો બંધારણીનો આર્ટિકલ ૩૫એ,અને ૩૭૦ રદ કરવામાં આવશે નહીં.અકાલી દળના સાંસદ સુખદેવસિંહ ઢિંડસાએ આ અંગે સંસદમાં પુછેલા એક સવાલના જવાબમાં સરકારે આ પ્રત્યુત્તર આપ્યો હતો.જમ્મુ-કાશ્મીરને સ્વાયતતા આપતો આર્ટીકલ ૩૭૦ નાબુદ કરાવાનો ભાજપનો એજન્ડા છે.અને રહેશે પરંતુ,પક્ષ એમ માને છે કે તેની પાસે સંસદમાં પુરતા સભ્યો ન હોવાને કારણે તે અત્યારે તેને રદ કરશે નહીં.એમ કેન્દ્રીય ગૃહરાજ્યમંત્રી હંસરાજ આહીરે એક લેખિત સવાલના જવાબમાં લોકસભામાં કહ્યુ હતું.સેકસન ૩૫ એનાં સંદર્ભે તેમણે કહ્યુ હતું કે આ અંગે એક એનજીઓએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે.આર્ઠીકલ ૩૫એ અને ૩૭૦ અન્વયે જમ્મુ કાશ્મીરમાં બહારની કોઈ વ્યક્તિ પ્રોપર્ટી ખરીદી શકતી નથી. કે રોજગારી મેળવી શકતી નથી.

આ રાજ્યમાં વસવાટ હોય તો પણ તેમને સ્થાનિક કક્ષાએ મતદાનનો અધિકાર મળી શકતો નથી.આર્ટીકલ ૩૫એ રાષ્ટ્રપતિના આદેશને પગલે ૧૯૫૪માં તેને ઉમેરવામાં આવ્યો હતો.જેમાં સ્થાનિક લોકોના અધિકારો અને વિશેષાધિકારોના રક્ષણની વાત છે.ઉલ્લેખનીય છે કે ભાજપ દ્વારા વારંવાર આ બંને આર્ટિકલને રદ કરવા અંગેની વાતો કરવામાં આવે છે.પણ તેમ થતું નથી.ખાસ કરીને જમ્મુ કાશ્મીરમાં મહેબુબા મુફ્તિની સરકાર સાથે ગઠબંધન પછી ભાજપે આ મુદ્દે ચર્ચા જ બંધ કરી છે.

વિષુવવૃત્તીય પ્રદેશોમાં એકમાત્ર ટાન્ઝાનીયામાં જ આવેલા કિલીમાન્જરો પર્વત પર જ બારેમાસ બરફની ચાદર પથરાયેલી હોય છે.

લુઈ સોળમા સામે ફ્રાંસમાં ક્રાંતિ થઈ હતી.તે સમયે એક શહીદની પુત્રીના ચિત્રના સોથબીન લીલામમાં સાઈઠ લાખ ડોલર ઉપજ્યા હતા.

### ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

## પ્રથમ વાર કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ કહ્યુકે ગુજરાત મોડેલ બોદું છે અને તેને કોઇ સ્વીકારતું નથી



ગુજરાત અને હિમાચલ પ્રદેશની વિધાનસભાની ચુંટણીઓમાં પરાજય મેળવ્યા બાદ કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીએ પહેલી વાર તેમના પ્રત્યાઘાત આપ્યા હતા.તેમણે કહ્યુ હતું કે ગુજરાતના પરિણામો ભાજપ માટે મોટા આંચકા સમાન છે.ગુજરાતના લોકોએ ભાજપ અને મોદીને સ્પષ્ટ સંદેશો આપ્યો છે તેમની ક્રેડીબીલીટી સામે સવાલો ઉઠવા માંડ્યા છે.વિકાસનું મોડેલ બોદું છે.આ ચુંટણીએ મને ગુસ્સાને પ્રેમથી જીતવાનં શીખવ્યું છે.

તેમણે કહ્યુ હતું કે અમે ગુજરાતમાં હારી ગયા . થોડું જોર થયું હોત તો જીતી શક્યા હોત. ત્યાં થોડી ખામી રહી ગઈ. ૩-૪ મહિના પહેલા જ્યારે ગુજરાત ગયા ત્યારે અમને કહેવામાં આવ્યું કે આપણે ભાજપ સામે નહીં લડી શકીએ પણ કાર્યકરોએ ભારે મહેનત કરી.

રાહુલે કહ્યુ હતું કે મોદીના ગુજરાત મોડલને કોઈ માનતું નથી કે સ્વીકારતું નથી.તેનું માર્કેટીંગ અને પ્રચાર સારો થયો છે પણ અંદરથી તે બોદું અને ખોખલું છે.અમે જે પ્રચાર કર્યો અને પ્રશ્નો પુછ્યા તેનો મોદી જવાબ આપી શક્યા નથી.ચુંટણીમાં મોદી પાસે બોલવા માટે કોઈ મુદ્દો નહોતો.

રાહુલે કહ્યુ હતું કે ગુજરાતમાં અમે ચુટણી લડ્યા પછીના પરિણામો દર્શાવે છે કે મોદીની વિશ્વસનીયતાને ઝટકો લાગ્યો છે.ભાજપ મોદીની વાત સાંભળે છે પણ દેશ સાંભળતો નથી.ગુજરાતે અમને ઘણું બધું શીખવ્યું છે.તમારી સામે ગમે તેટલો ગુસ્સો હોય કે પૈસા હોય પમ તમે તેને પ્રેમથી ટક્કર આપી શકો છો. ગુજરાતની ચુંટણીમાં એવી લાગણ છે કે ત્યાંના લોકોએ મોદી અને ભાજપને સંદેશો આપ્યો છે કે તેમના ગુસ્સાને પ્રેમથી હરાવી દેશે. હું ગુજરાત અને હિમાચલના લોકોનો આભાર માનું છું.ચુંટણીમાં તેમના ભાષણમાં વિકાસ કે નોટબંધીની વાત કરી નથી.મોદીએ નોન સ્ટોપ ભ્રષ્ટાચારની જ વાત કરી. રાફેલ કૌભાંડ અંગે મૌન રહ્યા.

## કેરોલ સીંગીગ બદલ ૩૦ પાદરીઓને અટકમાં લેવાયા

મધ્યપ્રદેશના સતનામાં ખ્રિસ્તીઓ પર થયેલા હુમલાના મુદ્દ્ ચિંતા જાહેર કરાતં ટોચના કેથોલિક સમુદાયે કહ્યુ છે કે ધાર્મિક રીતે દેશનું ધ્રુવીકરણ થઈ રહ્યુ છે.તેમણે કહ્યુ કે સમુદાય સરકારમાંથી પોતાનો વિશ્વાસ ગુમાવી રહ્યો છે. ગત સપ્તાહમાં સતના નજીક એક ગામમાં કેરોન સીગીગ કરવા બદલ ૩૦ પાદરીઓ અને સેમેરિન્સની ધરપકડ કરવામાં આવી હતી. બજરંગદળે આક્ષેપ કર્યો હતો કે તેઓ ગામલોકોનું જબરજસ્તીથી ધર્માંતરણ કરાવી રહ્યા હતા.

કેથલીક કોન્ફરન્સ ઓફ ઈન્ડીયાના અધ્યક્ષ કાર્ડિનલ બાસેલિયમ ક્લેમિસે એક અખબારી મુલાકાતમાં કહ્યુ હતું કે સતનામાં પાદરીઓ પર હુમલો થયા બાદ રાજ્ય સરકાર અપરાધીઓને શોધવાને બદલે ગરીબ અને નિર્દોષ લોકોની ધરપકડ કરી રહી છે.તેને કારણે સમુદાય સરકારમાં વિશ્વાસ ગુમાવતો જાય છે.તેમણે કહ્યુ કે બીજા દેશોમાં પણ આવી ઘટના બનતી જ હોય ચે. પરંતુ તે પછી સરકારની તાકાત અને વલણની સમીક્ષા કઈ રીતે કરશો ?તેમણે કહ્યુ કે દેશમાં ધર્મના આધારે ભાગલા પાડવામાં આવી રહ્યા છે.અને લોકશાહી દેશ આ માટે ઠીક નથી.દેશ ધર્મનિરપેક્ષતાના તાંતણે બંધાય,પરંતુ ધર્મના આધારે દેશનું ધ્રુવીકરણ થઈ રહ્યું છે.કેન્દ્રીય ગૃહમંત્રીને આ બાબતે જાણકારી અપાઈ છે.

ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.